ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૨૧/૧૮–૧૯/ 66 તારીખ : 4 JAN 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી ધીરૂભાઈ લવજીભાઈ ધામેલીયા,
પાદર ફળી, જુનું ગામ રાજપરા,
તા. તળાજા, જી.ભાવનગર.
**મો.નં.૯૭૩૭૨ ૭૫૩૪૨.**

કેસ નં.૧૨૧/૧૮–૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનના નામ ટ્રાન્સફર બાબત.**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૧/૧૦/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૧/૧૮–૧૯/૪૫૬૪ તા.૦૯/૧૦/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૧/૧૮–૧૯/૫૨૩૨ તા.૧૭/૧૧/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૨૧/૧૮–૧૯/૫૪૦૧ તા.૦૧/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૭/૧૧/૧૮** નાં રોજ રૂબરૂ રજુઆત માટે બોલાવવામાં આવેલ પરંતુ તમો તા.૨૭/૧૧/૧૮ ના રોજ હાજર રહેલ નહી અને ત્યારબાદ **તા.૧૩/૧૨/૧૮** ના રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **પાલીતાણા.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ત્રાપજ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૨૧/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ધીરૂભાઈ લવજીભાઈ ધામેલીયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૩.૧૨.૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી ધીરૂભાઈ લવજીભાઈ ધામેલીયા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધીરૂભાઈ લવજીભાઈ ધામેલીયા, મુ.રાજપરા, તા.તળાજા, જી.ભાવનગરની ખેતીવાડી વીજ કનેકશનના નામ ટ્રાન્સફર બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૨૧/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૨૧/૧૮–૧૯/૪૫૬૪ તા.૦૯.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી. ત્યારબાદ બીજી મુદત તા.૧૩/૧૨/૧૮ ના રોજની આપેલ, જેમાં વાદી શ્રી મકવાણા અરજણભાઈ મોહનભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી. જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે તા.૦૩/૧૦/૨૦૦૮ ના રોજ લવજીભાઈ મુળજીભાઈ નામ ખેતીવાડી કનેકશન પૈસા ભરેલ હોવા છતાં આજીદન સુધી મને ખેતીવાડી બીલ આપેલ નથી.

૧.૨ અમો ભાઈ સમજુતી કરી, અમારૂ કનેકશન તા.૨૧/૦૮/૨૦૧૦ ના રોજ રસીદ નં.XP૬૨૮૫૯૮ થી આ કનેકશન અમારા ભાઈ ધીરૂભાઈ લવજીભાઈના નામે કરી આપેલ છે.

૧.૩ આ કનેકશનના બે વાર પૈસા ભરેલ છતાં અમારૂ કનેકશન ચાલુ કરતાં નથી. તો આ કનેકશન વહેલાસર ચાલુ થાય તેવી અમારી રજુઆત છે.

...Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ અમારી વાડીમાં આ કનેકશનનું લાઈનકામ પુર્ણ કરેલ છે છતાં અમારી વાડીએ મીટર નાંખવા આવતા નથી. અવાર નવાર પેટા વિભાગીય કચેરી તથા વિભાગીય કચેરીએ રજુઆત કર્યા છતાં અમારી વાતનો નિકાલ થતો નથી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી શ્રી ધીરૂભાઈના પિતાશ્રી લવજીભાઈ મુળજીભાઈ ધામેલીયા (હાલ હયાત નથી), ગામ–રાજપરા–૨ માં ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૨૨/૦૨/૧૯૯૧ ના રોજ પહોંચ નં.૩૬૧૮૧ થી સર્વે નં.૬૫ પૈકીમાં વારામાં વીજજોડાણ લેવા માટે મામસા પેટા વિભાગીય કચેરી ખાતે નોંધણી કરાવેલ હતી.

૨.૨ સદર નોંધણી થયા બાદ ત્રણના ગ્રુપમાં અંદાજપત્ર પાઠવેલ હતાં, જેની નોંધ જી.પી.માં જોવા મળે છે. અરજદાર શ્રી લવજીભાઈ મુળજીભાઈ ધામેલીયા દવારા પહોંચ નં.EP૨૪૮૮૬૯ થી ૭૨ થી અંદાજપત્રના નાણા ભરપાઈ કર્યા અને પહોંચ નં. RP૪૦૩૯૨૯ થી ટેસ્ટ રીપોર્ટના નાણા ભરપાઈ કર્યા ત્યારંબાદ, વારસાઈ નોંધ થતાં ધીરૂભાઈ લવજીભાઈ ધામેલાય દવારા રૂા.૩૦૦/– તા.૨૧/૦૮/૨૦૧૦ ના રોજ પહોંચ નં.XP૬૨૮૫૯૮ થી ભરપાઈ કરી, નામ ફેરફારની નોંધણીથી અરજી કરેલ હતી.

૨.૩ ત્રાપજ પેટા વિભાગીય કચેરીનું જી.પી. તેમજ પી.પી. રજીસ્ટર જોતાં પહોંચ નંબરનો રેકોર્ડ સુસંગત છે. આ સાથે જી.પી. તથા પી.પી. રજીસ્ટરની નકલ સામેલ કરેલ છે (Annexure ૧). ઓરીજનલ કેસ ફાઈલ ખોવાયેલ હોય તેથી નવેસરથી મળેલ તમામ કાગળો ભેગા' કરીને, કનેકશનની નવી ફાઈલ બનાવેલ છે. જે આધાર પુરાવાનો અભ્યાસ કરતાં નીચેની બાબતો ધ્યાનમાં આવેલ છે.

- લવજીભાઈની હયાતી અંગેનો કોઈ આધાર જોડેલ નથી.
- હકકપત્રક નોંધ તા.૦૨/૧૧/૨૦૧૭ ની સ્થિતીએ ૬૫ પૈકીની જમીન નોંધણી નંબર ૯૧૧ શ્રી લવજીભાઈ ધામેલીયાના નામે છે.
- છેલ્લા ૭/૧૨ રજુ થયેલ છે તે મુજબ જમીન જેના પર અરજદાર શ્રી ધીરૂભાઈ લવજીભાઈ ધામેલીયા વીજજોડાણ માંગે છે તે ૬૫ પૈકી ૧ છે. એટલે કે જમીનના ભાગ પડેલ છે જે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ જોડેલ નથી.
- ૭/૧૨ નો અભ્યાસ કરતાં તેમાં એન્ટ્રી ૧૨૩૮, ૧૪૯૫ અને ૩૮૪ છે, જે અંગેનાં કોઈ પુરાવા રજુ કરેલ નથી.
- વીજજોડાણના નાણા ૨૦૦૮ માં ભરપાઈ કરેલ છે જયારે ધીરૂભાઈ ના નામે વીજજોડાણ આપવા માટેની સંમતિ ૨૦૧૨ ની છે.

૨.૪ વધુમાં ત્રાપજ પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેર દવારા સ્થળ રોજકામ દર્શાવેલ છે કે હાલમાં સ્થળ ઉપર લાઈનકામ પુર્ણ થયેલ છે અને વીજજોડાણ પણ શરૂ છે. રોજકામની કોપી આ સાથે સામેલ કરેલ છે (Annexure ૨).

૨.૫ આથી આ વીજજોડાણ ન આપી શકાયેલ હોય તે અંગેનો કોઈ નિર્ણય લઈ શકાયેલ નથી. અરજદાર દવારા ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :–** વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ધીરૂભાઈ લવજીભાઈ ધામેલીયા ના પિતા લવજીભાઈ મુળજીભાઈ એ ગામ રાજપરા–૨ માં નવું ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૨૨/૦૨/૧૯૯૧ ના રોજ અરજી નોંધણી કરેલ.

૩.૨ પ્રતિવાદીએ અગ્રતાક્રમ મુજબ લવજીભાઈ મુળજીભાઈ ધામેલીયાના નામનું અંદાજપત્ર આપેલ, જે વાદીએ ભરપાઈ કરી અને જરૂરી ટેસ્ટ રીપોર્ટ પ્રતિવાદીને આપેલ.

૩.૩ ત્યારબાદ વાદીએ તા.૨૧/૦૮/૧૦ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં નામ ટ્રાન્સફર માટે અરજી કરી અને તેના માટેનો રજીસ્ટ્રેશન ચાર્જ ભરેલ પરંતુ તા.૨૧/૦૮/૧૦ પછી પ્રતિવાદી તરફથી નામ ટ્રાન્સફર અંગે તેમજ નવા વીજજોડાણ અંગેની કાર્યવાહી પુર્ણ કરી અને વાદીને વીજજોડાણ આપવામાં આવેલ નથી.

૩.૪ વાદીએ નામ ટ્રાન્સફર ની અરજી નોંધણી સાથે પ્રતિવાદીને જરૂરી રેવન્યુ દસ્તાવેજ તેમજ લવજીભાઈનું મૃત્યુનો દાખલો આપેલ નહી, તેથી પ્રતિવાદી દવારા કોઈ કાર્યવાહી હાથસ ધરવામાં આવેલ નહી.

૩.૫ વાદીની ફોરમ સમક્ષ સુનાવણી દરમ્યાન જણાવેલ કે નામ ટ્રાન્સફરની અરજી નોંધણી સમયે તેઓના પિતાશ્રી લવજીભાઈ હયાત હતાં. જયારે ખેતીવાડી જોડાણનાં અરજદાર હયાત હોઈ તેવા સંજોગોમાં માંગેલ વીજજોડાણનું નામફેર તેના વારસદારના નામે થઈ શકે નહી. વાદીનાં જણાવ્યા મુજબ લવજીભાઈનું મૃત્યુ વર્ષ ૨૦૧૭ માં થયેલ.

૩.૬ તારણ નં.૩.૫ મુજબ પ્રતિવાદીએ વાદી પાસેથી તા.૨૧/૦૮/૧૦ ના રોજ લીધેલ નામફેર અંગેની અરજી પુરતાં રેવન્યુ દસ્તાવેજ તપાસ્યા વગર અને લવજીભાઈની હયાતીની ખરાઈ કર્યા વગર લીધેલ હોય તેવું જણાય છે.

૩.૭ વાદીની આજરોજ ફોરમ સમક્ષ રજુઆત દરમ્યાન વાદી જરૂરી તમામ રેવન્યુ દસ્તાવેજો તેમજ તેના પિતા લવજીભાઈનાં મૃત્યુનું પ્રમાણપત્ર રજુ કરી તેની સાથે નામ ટ્રાન્સફરની અરજી નોંધણી કરાવી જરૂરી ચાર્જ ભરવા માટે સહમતી આપેલ છે. આથી પ્રતિવાદીએ હુકમ મળ્યે વાદી પાસે નામ ટ્રાન્સફર અંગેની અરજી નોંધણી કરાવવી અને તેના પર કાર્યવાહી કરી, વાદીનું વીજજોડાણ દિવસ–૪૦ માં ચાલુ કરી આપવું.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar.

તારીખ :– **૧૩.૧૨.૨૦૧૮**